મહોદયશ્રી,

ઉપરોકત વિષયનાં અનુસંધાન પરત્વે જણાવવાનું કે, તા. ૧૦/૦૬/૨૦૨૩ થી GR.ID-2023GS317 અરજીના સંદર્ભમાં માલપૂરે હેમંતકુમાર નરેન્દ્રભાઈની T.Y.B.COM SEM-6 MARCH -2023 પુનઃમુલ્યાંકન/ગુણચકાસણી કરવવા અરજી કરેલ છે, તા.૧૩/૬/૨૦૨૩ કાર્યાનોંધ તેમજ પુનઃમુલ્યાંકન/ગુણચકાસણી ના નિયમ મુજબ પરિણામ જાહેર થયાને ૭ (સાત) દિવસની અંદર ફોર્મ ભરવાનું હોય છે. આ સાથે પરિપત્રની નકલ તેમજ કાર્યાલય નોંધ સામેલ છે.જે આપને વિદીત થાય.

Scanned with CamScanner

# પરિપત્ર

યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓના તથા વિભાગના વડાશ્રીઓને જણાવવાનું કે, એકેડમિક કાઉન્સીલ તા.૦૯/૦૩/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક : ૧૯ તથા સિન્ડિકેટ સમિતિના તા.૨૨/૦૩/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક : ૧૬ તેમજ એકેડમિક કાઉન્સીલ તા.૨૧/૦૯/૨૦૨૧ના સભાના ઠરાવ ક્રમાંક : ૧૫ તથા તા.૨૫/૦૯/૨૦૨૧ના સભાના ઠરાવ ક્રમાંક : ૨ તેમજ સિન્ડિકેટ સમિતિના તા.૨૯/૦૯/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક : ૧૧૭ તેમજ સિન્ડિકેટ સમિતિના તા.૨૭/૦૪/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક : ૧૩૦થી ઠરાવ્યા અનુસાર પુનઃમૂલ્યાંકન (રી-એસેસમેન્ટ) તથા ગુણ ચકાસણી(રી-ચેકીંગ)ની વ્યવસ્થા નીચે મુજબ રહેશે.

૧. વાર્ષિક તેમજ સેમેસ્ટર પધ્ધતિ મુજબ ચાલતા તમામ વિદ્યાશાખાઓના અભ્યાસક્રમોમાં તમામ વર્ષ તેમજ સેમેસ્ટરોમાં પુનઃમૂલ્યાંકન તેમજ ગુણ ચકાસણી કરાવી શકાશે.

૨. ઓન લાઈન તેમજ ઓફ લાઈન પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓએ પરીણામ જાહેર થયાના ૭(સાત) દિવસની સમય મર્યાદામાં ફોર્મ ભરવાનું રહેશે. સમય મર્યાદા બાદ કોઈ પણ સંજોગોમાં ફોર્મ સ્વીકારવામાં આવશે નહી.

૩. પરીણામના કુલ પાસીંગ હેડસના ઓછામાં ઓછા ૫૦% હેડસમાં પાસ થનાર વિદ્યાર્થી જ પુનઃમૂલ્યાંકનની અરજી કરી શકશે. બે પેપર કરતા વધારે પેપરની ઉત્તરવહીઓનું પુનઃમૂલ્યાંકન થઈ શકશે નહી. (સ્નાતક અને અનુસ્નાતકકક્ષાએ ટર્મીનેટીગ (અંતિમ) સેમેસ્ટર / વર્ષ સિવાયને લાગુ પડશે)

૪. કુલ પાસીંગ હેડની લીમીટ સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ ટર્મીનેટીગ (અંતિમ) સેમેસ્ટર / વર્ષની પરીક્ષા માટે લાગુ પડશે નહી તેમજ જયારે તમામ ફેકલ્ટીના સ્નાતક અથવા અનુસ્નાતક કક્ષાએ ટર્મીનેટીગ (અંતિમ) સેમેસ્ટર / વર્ષ માટે બધા જ થિયરી વિષયો માટે પુનઃમૂલ્યાંકન કરી શકાશે

૫. જે તે વિદ્યાશાખામાં કોલેજ / ડીપાર્ટમેન્ટ કક્ષાએ લેવાતી આંતરીક મૂલ્યાંકન કસોટીઓ (ઈન્ટરનલ), પ્રેકટીકલ, વાઈવા, પ્રોજેક્ટ, થીસીસ, ડેઝર્ટેશન કે ટર્મ વર્કનું ગુણ ચકાસણી તેમજ પુનઃ મૂલ્યાંકન થઈ શકશે નહી.

૬. પેપરદીઠ પુનઃમૂલ્યાંકનની ફી રૂ. ૫૦૦/–રહેશે. પુનઃમૂલ્યાંકન કે ગુણ ચકાસણી કરેલ કોઈ પણ વિદ્યાર્થીના પરિણામમાં ફેરફાર થાય તો તેવા વિદ્યાર્થીઓને ૫૦% ફી પરત કરવામાં આવશે. જેની અરજદારે નોંધ લેવી.

૭. વિદ્યાર્થીનું પરીણામ **D.L.O., W.O.165, Withheld & Reserve** (કોપી કેસ થયેલ પેપર હોય તે સિવાયના અન્ય પેપરમાં)રાખવામાં આવેલ હોય તેવા વિદ્યાર્થીઓ ગુણ ચકાસણી તેમજ પુનઃમૂલ્યાંકન કરાવી શકશે.

૮. જે વિદ્યાર્થીઓના ગુણ કે પરીણામમાં ફેરફાર થયેલ હશે તે જ વિદ્યાર્થીઓના સીટ નંબરો ગુણ ચકાસણી તેમજ પુનઃમૂલ્યાંકનના પરીણામના નોટીફીકેશનમાં જાહેર કરવામાં આવશે.

૯. ગુણ ચકાસણી તેમજ પુનઃમૂલ્યાંકનના પરીણામ જાહેર થવામાં વિલંબ થાય તો કોઈ નાણાંકીય કે સમયનું નુકશાન વળતર અંગેની કોઈપણઅરજી ગ્રાહ્યરાખવામાં આવશે નહી.

ઈ.ચા.પરીક્ષા નિયામક

ક્રમાંક:પરીક્ષા / પુનઃમૂલ્યાંકન/૯૯૩૮/૨૦૨૩
તા.૦૩/૦૫/૨૦૨૩
પ્રતિ
...સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તથા વિભાગના વડાશ્રીઓ તરફ જાણ સારુ...

Scanned with CamScanner